**એમસીએક્સ સાપ્તાહિક...........**

# એમસીએક્સ પર સોના-ચાંદીમાં રૂ.૯૦,૦૫૩ કરોડનાં સાપ્તાહિક કામકાજ સાથે વાયદાના ભાવો વધુ તૂટ્યા: ક્રૂડ તેલ પણ નરમ

## એલચીમાં રૂ.૨૦૦થી વધુનો ઘટાડો: રિફાઈન્ડ સોયાતેલ, સીપીઓમાં સુધારાનું વલણ: જવમાં ૧,૧૮,૬૫૦ ટનનું નોંધપાત્ર સારું વોલ્યુમ

એમસીએક્સ ખાતે સમીક્ષા હેઠળના (૨૩થી ૨૯ જુલાઈ) સપ્તાહ દરમિયાન ૨૮,૭૬,૮૯૫ સોદામાં કુલ રૂ.૧,૯૦,૨૨૨.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં સોના-ચાંદીના વેપારનો હિસ્સો રૂ.૯૦,૦૫૩.૧૮ કરોડનો હતો. બંને કિંમતી ધાતુઓના વાયદાના ભાવોમાં આગલા સપ્તાહના ભાવઘટાડાનો દોર ચાલુ રહ્યો હતો અને ભાવો વધુ તૂટ્યા હતા. બિનલોહ ધાતુઓમાં સુધારો હતો. ક્રૂડ તેલમાં નરમાઈ સામે નેચરલ ગેસ મજબૂત હતું. રિફાઈન્ડ સોયાતેલ, સીપીઓ, મેન્થા તેલ, બદામના વાયદાઓમાં વૃદ્ધિ જોવા મળી હતી, જ્યારે ચણા-દિલ્હી, બટેટા-આગ્રા, ગુવારસીડ અને ઘઉંના વાયદા ઢીલા હતા. એલચીના વાયદાઓમાં રૂ.૨૦૦થી વધુ નીકળી ગયા હતા. મકાઈ અને જવમાં મિશ્ર વધઘટ ભાવમાં રહી હતી. જવના વાયદામાં સપ્તાહ દરમિયાન કામકાજનાં બબ્બે રેકોર્ડ નોંધાયાં હતાં. પ્રથમ રેકોર્ડ સોમવારે રૂ.૩૧.૩૮ કરોડનાં ૨૬,૯૬૦ ટનનો થયો હતો, જ્યારે બીજો રેકોર્ડ બુધવારે ૨,૨૫૧ સોદામાં રૂ.૪૧.૯૭ કરોડનાં ૩૬,૨૪૦ ટનનો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન કુલ ૧,૧૮,૬૫૦ ટનનું નોંધપાત્ર સારું વોલ્યુમ થયું હતું.

કિંમતી ધાતુઓમાં સોનાના (ગિની સહિતના) વાયદાઓમાં ૫,૩૬,૭૧૯ સોદામાં રૂ.૬૧,૪૬૪.૬૬ કરોડની કિંમતનાં ૩,૪૧,૫૮૭ કિલો અને ચાંદીના વાયદાઓમાં ૪,૮૨,૬૨૫ સોદામાં રૂ.૨૮,૫૮૮.૫૨ કરોડની કિંમતનાં ૯,૯૬૨.૫૨૫ ટનનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ સોનામાં ૩૨,૧૯૦ કિલો અને ચાંદીમાં ૯૫૫.૨૮૦ ટનનો હતો. સોનાના વાયદાઓ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૩થી રૂ.૫૩૪ અને ગિનીના વાયદાઓ ૮ ગ્રામદીઠ રૂ.૩૫૮થી રૂ.૫૬૬ની રેન્જમાં ઘટ્યા હતા. સોનાનો ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮,૩૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૩૪ ઘટી બંધમાં રૂ.૧૭,૬૬૦ રહ્યો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૮,૩૯૦ અને નીચામાં રૂ.૧૭,૬૬૦ના મથાળે અથડાયો હતો. ગિનીના વાયદાઓમાં ૮ ગ્રામદીઠ ઓગસ્ટ વાયદો રૂ.૧૪,૭૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪,૮૦૮ અને નીચામાં રૂ.૧૪,૨૯૦ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૩૯૫ના ભાવઘટાડા સાથે રૂ.૧૪,૩૬૭ના સ્તરે બંધ થયો હતો. સોનાની માફક ચાંદીના વાયદાઓ પણ ઘટ્યા હતા. ભાવમાં ઘટાડાની રેન્જ રૂ.૬૬૮થી રૂ.૭૫૧ જેટલી વ્યાપક હતી. ચાંદીનો સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૯,૦૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯,૨૫૪ અને નીચામાં રૂ.૨૮,૦૨૬ના મથાળે રહી સપ્તાહના અંતે સૌથી વધુ રૂ.૭૫૧ ઘટી રૂ.૨૯,૨૭૧ બંધ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એકંદરે સુધારો હતો. તાંબાના વાયદા કિલોદીઠ રૂ.૯.૭૦થી રૂ.૧૦.૧૦, નિકલના વાયદાઓ રૂ.૧૨.૮૦થી રૂ.૧૬.૯૦, એલ્યુમિનિયમ રૂ.૧.૭૫થી રૂ.૧.૯૫, સીસાના વાયદાઓ રૂ.૩.૬૫થી રૂ.૪.૨૫ અને જસતના વાયદાઓ રૂ.૧.૬૦થી રૂ.૧.૭૦ની રેન્જમાં વધ્યા હતા. માત્ર કલાઈનો જુલાઈ વાયદો રૂ.૩૩.૨૫ નરમ હતો. તાંબામાં રૂ.૨૬,૯૩૫.૭૭ કરોડનાં ૮,૦૯,૨૯૪ ટન, નિકલમાં રૂ.૧૦,૦૩૫.૯૨ કરોડનાં ૧,૦૪,૩૫૬ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૧,૬૭૩.૫૮ કરોડનાં ૧,૭૪,૭૩૫ ટન, સીસામાં રૂ.૭,૧૫૩.૪૪ કરોડનાં ૭,૭૫,૨૧૫ ટન અને જસતમાં રૂ.૭,૯૫૩.૨૧ કરોડનાં ૮,૮૨,૩૧૩ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં બેરલદીઠ રૂ.૨૧થી રૂ.૪૯નો ઘટાડો હતો, જ્યારે નેચરલ ગેસમાં એમએમબીટીયૂદીઠ રૂ.૬.૨૦થી રૂ.૭.૩૦ની વૃદ્ધિ ભાવમાં રહી હતી. ક્રૂડ તેલનો ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૩,૭૧૦ ખૂલી, સપ્તાહના અંતે સૌથી વધુ રૂ.૪૯ ઘટી રૂ.૩,૬૫૨ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલમાં રૂ.૩૮,૩૭૨.૧૨ કરોડનાં ૧૦,૪૭,૧૬,૩૦૦ બેરલ્સ અને નેચરલ ગેસમાં રૂ.૬,૫૬૬.૭૦ કરોડનાં ૨૯,૭૬,૨૧,૨૫૦ એમએમબીટીયૂના વેપાર થયા હતા. બ્રેન્ટ ક્રૂડમાં રૂ.૧૦.૦૩ કરોડનાં ૨૭,૭૦૦ બેરલ્સનાં કામ થયાં હતાં.

કૃષિ અને અન્ય ચીજોમાં રિફાઈન્ડ સોયાતેલના વાયદાઓ ૧૦ કિલોદીઠ રૂ.૪.૪૦થી રૂ.૯.૨૫ અને સીપીઓના વાયદાઓ રૂ.૩.૯૦થી રૂ.૮.૫૦ની રેન્જમાં વધ્યા હતા. રિફાઈન્ડ સોયાતેલનો ઓગસ્ટ વાયદો રૂ.૪.૪૦ વધી રૂ.૪૮૮.૨૦ અને સીપીઓનો ઓગસ્ટ વાયદો રૂ.૩.૯૦ વધી રૂ.૩૯૨.૫૦ બંધ રહ્યા હતા. ચણા-દિલ્હીના વાયદાઓમાં ૧૦૦ કિલોદીઠ રૂ.૬૦થી રૂ.૬૯ ઘટ્યા હતા. ચણા-દિલ્હીનો ઓગસ્ટ વાયદો રૂ.૬૦ ઘટી રૂ.૨,૨૮૨ના ભાવ બંધમાં રહ્યા હતા. એલચીના ચારેય વાયદાઓ કિલોદીઠ રૂ.૨૨૫થી રૂ.૨૯૯ની રેન્જમાં તૂટ્યા હતા. એલચીનો ઓગસ્ટ વાયદો રૂ.૧,૭૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૭૯૪ અને નીચામાં રૂ.૧,૪૭૪.૭૦ના સ્તરે રહી સપ્તાહના અંતે રૂ.૨૯૯ ઘટી બંધમાં રૂ.૧,૪૭૪.૭૦ રહ્યો હતો. એલચીનો સપ્ટેમ્બર વાયદો રૂ.૨૯૪.૨૦, ઓક્ટોબર રૂ.૨૫૯.૧૦ અને નવેમ્બર વાયદો રૂ.૨૨૫.૫૦ ઘટી સપ્તાહના એંતે બંધમાં અનુક્રમે રૂ.૧,૨૮૮.૩૦, રૂ.૧,૧૭૧.૧૦ અને રૂ.૧,૧૦૮.૨૦ રહ્યા હતા. બટેટા-આગ્રાના ત્રણેય વાયદાઓ ૧૦૦ કિલોદીઠ રૂ.૩૩.૧૦થી રૂ.૩૪.૪૦ નરમ હતા, જ્યારે મેન્થા તેલના ત્રણેય વાયદાઓ કિલોદીઠ ૯૦ પૈસાથી રૂ.૧૦.૬૦ સુધરીને બંધ રહ્યા હતા. બટેટા-આગ્રાનો ઓગસ્ટ વાયદો રૂ.૩૪.૪૦ ઘટી રૂ.૩૮૨.૬૦ બંધ હતો. ગુવારસીડનો ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫૭ ઘટી રૂ.૨,૨૯૦ અને સપ્ટેમ્બર વાયદો રૂ.૪૩ ઘટી રૂ.૨,૩૩૯ બંધ હતા. બદામનો સપ્ટેમ્બર વાયદો રૂ.૩૩૦ ખૂલી, સપ્તાહના અતે કિલોદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૩૩૦ બંધ રહ્યો હતો. ઘઉંનો ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧,૨૫૮ ખૂલી, અંતે રૂ.૨.૯૦ ઘટી રૂ.૧,૨૪૫ના ભાવ બંધમાં રહ્યા હતા. મકાઈના વાયદાઓમાં ૧૦૦ કિલોદીઠ રૂ.૭થી રૂ.૮૦.૫૦ અને જવના વાયદાઓમાં ૧૦૦ કિલોદીઠ રૂ.૩થી રૂ.૩૧.૪૦ની રેન્જમાં મિશ્ર વધઘટ ભાવમાં રહી હતી.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી.